એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (રૂમાં)	02.01.2025 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
(1) મગનલાલ ભીખાભાઈ વઘાસિયા (2) મંજુલાબેન મગનલાલ વઘાસિયા	જમીનના ટુકડાં અને ખંડ બધાંનું સરનામું: દુકાન નં. 260, જેનું માપ 27.88 ચો. મી. કાર્પેટ એરીયા થવા જાય છે, 'અવધ વાઈસરોય'નો બીજો માળ, જેની સાથે તેની નીચે આવેલી પ્રમાણસરની અવિભાજિત જમીન, ઉક્ત બિલ્ડિંગ બ્લોક નં. 146/એ અને 147 ધરાવતી જમીન પર, ગામ સરથાણા, તાલુકો સિટી, જિલ્લો સુરત તથા ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 21 (સરથાણા–સીમાડા)ના ફાઈનલ પ્લોટ નં. 56/1 અને 60, સરથાણા, સુરત, ગુજરાત, ભારત – 395006 ખાતે આવેલ છે.	SRTHL18001986, SRTHL18001825	15 નવેમ્બર, 2024	રૂ. 2,70,000/–	રૂ. 27,01,566.46/–	રૂ. 27,00,000/–	પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે.	15.02.2025 સવારે 10 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી

સીમાઓ		
	પૂર્વે	દુકાન નં. 259
	પશ્ચિમે	દુકાન નં. 261
	ઉત્તરે	પેસેજ
	દક્ષિણે	અન્યની દુકાન

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **14/02/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બદ્યા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ'' ને નામે મુંબઈ ખાતે **15/02/2025** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **17/02/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **''નામ – દિલીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496 , એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.''** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 04.01.2025
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

વલસાડ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા તમાકુ સેવનથી થતા રોગો અંગે માધ્યમિક શિક્ષકોને તાલીમ અપાઇ

જનાદેશ પ્રતિનિધિ, વલસાડ, વલસાડ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા તાલીમ સેન્ટર ખાતે જિલ્લાની માધ્યમિક શાળાના ૬૨ શિક્ષકોને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ તમાકુના સેવનથી થતા રોગો અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ સેન્ટરના સિનિયર મેડિકલ ઓફિસર ડો. એસ.એસ.હક્ક અને રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.મનોજભાઇ પટેલે તાલીમ દરમિયાન શિક્ષકોને જણાવ્યું કે, તમાકુ સેવનથી કેન્સર, લકવો, હૃદય રોગ, ટીબી, નપુસંકતા જેવા રોગો થઇ શકે છે. ટોબેકો પ્રોડક્ટ એક્ટ ના ભંગ બદલ થતા દંડ અને સજા વિશે માહિતગાર કર્યા હતા. જેમાં જાહેર સ્થળો ઉપર ધુમ્રપાન કરવાના પ્રતિબંધ અંગે તેમજ ૧૮ વર્ષથી નીચેની વ્યકિતઓ તમાકુ અને તેની બનાવટનું વેચાણ કરી શકે નહી તે અંગે માહિતી આપી હતી. શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમાકુથી થતા રોગો અંગે જનજાગૃતિ ફેલાવતા બેનર લગાવવા જરૂરી છે. વધુમાં ડો. હક્કે જણાવ્યું કે, ભારતમાં દર એક મીનિટે બે વ્યકિત તમાકુના સેવનથી મોતને ભેટે છે. તમાકુ વ્યસનની છૂટવા માંગતી વ્યકિતઓ ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૦૦ ૧૧૨૩ ૫૬ પરથી મદદ મેળવી શકશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સહકાર પ્રધાન,

અમિત શાહ, નવી દિલ્હીમાં આઇલેન્ડ ડેવલપમેન્ટ એજન્સીની ૭મી બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે

માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ પટેલ પણ રહ્યા હાજર

જનાદેશ પ્રતિનિધિ, સિલવાસા : 'PM સૂર્ય ઘર' યોજના હેઠળ, આંદામાન-નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપના તમામ ઘરોમાં ૧૦૦ ટકા સોલાર એનર્જી પેનલ લગાવવી જોઇએ. બંને ટાપુઓમાં સૌર પેનલ્સ અને પવન ચક્કી દ્વારા ૧૦૦% નવીનીકરણીય ઉર્જા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય આ ટાપુઓ દિલ્હીથી દૂર હોવા છતાં પણ આપણા હૃદયની નજીક છે, ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ અને અહીં પ્રવાસન સુવિધાઓ વધારવી એ સરકારની પ્રાથમિકતા છે. મોદી સરકાર આ ટાપુઓની સંસ્કૃતિ અને વારસાનું જતન કરી રહી છે અને વિકાસ કાર્યોને વેગ આપી રહી છે. તમામ સંબંધિત મંત્રાલયોએ બંને ટાપુ જૂથોમાં પર્યટન, વેપાર અને અન્ય ક્ષેત્રો સંબંધિત પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરવું જોઇએ. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી, શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં આઇલેન્ડ ડેવલપમેન્ટ એજન્સી ની ૭મી બેઠકની અધ્યક્ષતા કરી. આ બેઠકમાં આંદામાન અને નિકોબાર ટાપુઓના લેફ્ટનન્ટ ગવર્નર એડમિરલ (નિવૃત્ત) શ્રી ડી કે જોશી, લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહન અને વિવિધ કેન્દ્રીય મંત્રાલયોના સચિવો સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. બેઠક દરમિયાન, કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં ચાલી રહેલી વિકાસ પહેલોની પ્રગતિની સમીક્ષા કરી. ગૃહ મંત્રાલય, આંદામાન અને નિકોબાર ટાપુઓ વહીવટ અને લક્ષદ્વીપ વહીવટીતંત્રે ડિજિટલ કનેક્ટિવિટી, એર કનેક્ટિવિટી અને પોર્ટ ડેવલપમેન્ટમાં વૃદ્ધિ સહિત વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ પર વ્યાપક રજૂઆત કરી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાને આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં સૌર અને પવન ઉર્જા પહેલને આગળ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે આ પ્રદેશોમાં સોલાર પેનલ્સ અને પવનચક્કીઓ દ્વારા ૧૦૦% નવીનીકરણીય ઉર્જા ઉત્પાદનના લક્ષ્યને હાંસલ કરવા પર ભાર મૂક્યો હતો. શ્રી શાહે કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રાલયને બંને ટાપુ જૂથોના તમામ ઘરોમાં સૌર પેનલો સ્થાપિત કરીને ''PM સૂર્ય ઘર' યોજના અમલમાં મૂકવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

શ્રી અમિત શાહે કહ્યું કે આ ટાપુઓ દિલ્હીથી દૂર હોવા છતાં પણ આપણા હૃદયની નજીક છે, અહીં માળખાકીય સુવિધાઓનો વિકાસ અને પ્રવાસન સુવિધાઓ વધારવી એ સરકારની પ્રાથમિકતા છે. મોદી સરકાર આ ટાપુઓની સંસ્કૃતિ અને વારસાનું જતન કરી રહી છે અને વિકાસ કાર્યોને વેગ આપી રહી છે. તેમણે બંને ટાપુ જૂથોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે સર્વગ્રાહી અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો અને તમામ સંબંધિત કેન્દ્રીય મંત્રાલયોને પર્યટન, વેપાર અને અન્ય મુખ્ય ક્ષેત્રો સંબંધિત પહેલો પર સહયોગ કરવા હાકલ કરી. શ્રી શાહે પડતર પ્રશ્નોના નિરાકરણ અને ચાલી રહેલા પ્રોજેક્ટોને ઝડપથી પૂર્ણ કરવા સ્પષ્ટ નિર્દેશો પણ આપ્યા હતા. ,

વલસાડ જિલ્લામાં તા. ૬ જાન્યુ.થી તાલુકા અને જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ ૩.૦ યોજાશે

વલસાડ, ખેલમહાકુંભ ૩.૦ નું તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન વલસાડ જિલ્લામાં દરેક તાલુકાના વિવિધ સ્થળો ઉપર કરવામાં આવ્યું છે. જે અન્વયે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરનાર તમામ ખેલાડીઓને જણાવવાનું કે, તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૦૬/૦૧/૨૦૨૫ થી તા.૧૩/૦૧/૨૦૨૫ દરમ્યાન અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ તા.૧૫/૦૧/૨૦૨૫ થી તા.૦૫/૦૨/૨૦૨૫ દરમ્યાન થનાર છે. જે સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ https://khelma-hakumbh.gujarat.gov.in/calendar લીક ઉપર મૂકવામાં આવ્યો છે. જેથી ભાગ લેનાર તમામ ખેલાડીઓએ ઉપરોક્ત વેબસાઇટ ખોલીને લીક ઉપર કલીક કરી વલસાડ જિલ્લો સિલેકટ કરવાનો રહેશે.

આજે રોજ સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટર શ્રી સુરત ને amns હજીરા ખાતે આવેલ કંપની માં અકસ્માત માં ચાર કામદારો નું મૃત્યુ પામ્યા હતા તેમના આશ્રિતો ને હજી સુધી કોઈ પણ પ્રકાર નું વળતર કે નોકરી ના લાભો આપવાની જાહેરાત થઈ નથી તેઓને એથેર કંપની ના કર્મચારી ના આશ્રિતો ને જે વળતર અને નોકરી અને અન્ય લાભો આપવાની જાહેરાત કરવામાં આવેલ હતી તેના થી પણ વધુ લાભદાયી વળતર આપવામાં આવે વધુ માં આ પ્રકાર ના અકસ્માતો ભવિષ્ય ના બને સુરક્ષા અને સલામતી માટે અંતરાષ્ટ્રીય શ્રમ સંસ્થા ના માર્ગ દર્શક સિદ્ધાંતો પર સરકાર દ્વારા ત્વરિત અમલ કરવામાં આવે તે બાબતે માંગણી કરવામાં આવી હતી

ડાંગ જિલ્લાના માલેગામ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ

જનાદેશ પ્રતિનિધિ, આહવાઃ તાઃ ૩ઃ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી પ્રયાસો હાથ ધર્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. તાજેતરમાં ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના શામગાહાન ક્લસ્ટરમાં સમાવિષ્ટ માલેગામ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમાં કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર શ્રી અનીલ સી રાઉત દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

વાપીમાં કેડાઇ દ્વારા આયોજિત ત્રિદિવસીય પ્રોપર્ટી એક્સ્પોનું રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇના હસ્તે ઉદઘાટન કરાયું

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા ભાવે ઘર મળી તે માટે કેડાઇના મેમ્બરોની સેવા અભિનંદનને પાત્ર છેઃ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

જનાદેશ પ્રતિનિધિ, વલસાડ : વાપી, વલસાડ અને સેલવાસ કેડાઇ દ્વારા વાપીના વીઆઇએ ગ્રાઉન્ડ પર તા. ૩, ૪ અને ૫ જાન્યુ. ના રોજ આયોજિત ત્રિદિવસીય પ્રોપર્ટી એક્સ્પો-૨૦૨૫નું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કુલ પાંચ ડોમમાં વલસાડ, વાપી, દમણ અને સેલવાસના કુલ ૨૨ બિલ્ડરોના અંદાજે ૨૦૦ પ્રોજેક્ટના સ્ટોલ લોકો માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું કે, આપણે સૌ સાથે મળી વાપીનો વિકાસ કરી રહ્યા છે, જેથી જે પણ ઉપલબ્ધિ મળે છે તે આપણા બધાની છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા ભાવે ઘર મળી તે માટે કેડાઇના મેમ્બરો સુંદર સેવા આપી રહ્યા છે. જે બદલ સમગ્ર એસોસિએશન અભિનંદનને પાત્ર છે. વાપી મહાનગરપાલિકા બનતા આસપાસના ગામોમાં રોડ, ગટર અને પાણી સહિતના અનેક પ્રશ્નનો ઉકેલ આવશે. વાપીને મનપા બનાવવા માટે સહકાર આપનાર તમામ ગામોના સરપંચો અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કરૂ છું. આ તબક્કે ચોક્કસ ખાતરી આપુ છું કે, આ ગામોનો વધુમાં વધુ વિકાસ કરીશું. જિલ્લા વહીવટી તંત્ર સાથે મળી આપણે સૌ વાપીના વિકાસ માટે સુંદર આયોજન કરી સમગ્ર એશિયામાં વાપીને સુંદર નગર બનાવીશુ.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે સુરતને ગ્રોથ હબ બનાવવાનો નિર્ણય લઇ રોડ મેપ તૈયાર કર્યો છે. ભરૂચથી લઇને ઉમરગામ સુધીનો સમગ્ર વિસ્તારને વિકસાવાશે. વાપીના ડુંગરા ખાતે બુલેટ ટ્રેનનું સ્ટેશન પણ આવી રહ્યુ છે જેથી વિકાસને વધુ વેગ મળશે. સમગ્ર ભારતમાં પાંચ શહેરની પસંદગી થઇ છે. જેમાં ગુજરાતમાંથી એક માત્ર સુરતની પસંદગી થઇ છે જે આપણા સૌ માટે ખુશીની વાત ગણાય છે.

વાપી કેડાઇના પ્રમુખ બીપીન વાણીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, ઘણા સમયથી વાપીમાં પ્રોપર્ટી એક્સ્પોના આયોજન અંગે તૈયારી ચાલતી હતી. આપણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનું વાપી વિશે મોટું વિઝન છે, ગુજરાતના નકશામાં વાપી હંમેશા ઝળહળતું રહે તે માટે તેઓ અવિરત કામગીરી કરી રહ્યા છે. આ એક્સ્પોમાં ૨૫ ગ્રૂપે ભાગ લીધો હતો. અહીં લોકોને પોતાના સપનાનું ઘર મળી રહેશે.

વાપી કેડાઇના ઉપપ્રમુખ હિતેશ ફળદુએ પ્રાસંગિક પ્રવચનમાં વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો અપાવવા બદલ મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. વાપી કેડાઇ દ્વારા મંત્રીશ્રીનું મોમેન્ટો સાથે ઉષ્માભેર બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, વલસાડ કેડાઇના પ્રમુખ અશોક મંગે, વાપી કેડાઇના ચેરમેન એલ.એન.ગર્ગ, કેડાઇ યુથ વિંગના સાઉથ ઝોન કો-ઓર્ડીનેટર હેમંત વાણીયા, સતિષભાઇ, મિલનભાઇ દેસાઇ, યોગેશભાઇ કાબરીયા, જયંત છેડા, નવી મુંબઇ કેડાઇના પ્રમુખ વસંતભાઇ ભદ્રા, સેલવાસ કેડાઇના પ્રમુખ અમિત અગ્રવાલ, લીલાધર ભાનુશાલી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ જગદીશભાઇ ભાટુએ કરી હતી.

રાજ્ય કક્ષાની પારનેરા ડુંગર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વલસાડની કોમર્સ કોલેજના ખેલાડીઓ ઝળક્યા

જનાદેશ પ્રતિનિધિ, વલસાડ : ગુજરાત સરકારના, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત દ્વિતીય રાજ્યકક્ષાની પારનેરા ડુંગર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૪- ૨૫માં વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજના કુલ ૩૦ ભાઇઓ અને ૨૨ બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાઇઓની કેટેગરીમાં દેવાંગ ટંડેલ ત્રીજા ક્રમે વિજેતા બની રૂ.૧૫૦૦૦ રોકડ ઇનામ અને બહેનોના વિભાગમાં કુ.અનીતા ડોકિયા પાંચમાં ક્રમે વિજેતા બની રૂ.૧૦૦૦૦ રોકડ ઇનામ હાંસલ કર્યું હતું. જેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા બની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

તા. ૨૨ જાન્યુઆરીના રોજ યોજાશે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ

જનાદેશ પ્રતિનિધિ, આહવાઃ તાઃ ૩ઃ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી પ્રયાસો હાથ ધર્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. તાજેતરમાં ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના શામગાહાન ક્લસ્ટરમાં સમાવિષ્ટ માલેગામ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમાં કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર શ્રી અનીલ સી રાઉત દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇના હસ્તે વાપીમાં કચ્છી જૈન સમાજના ટ્રેડ ફેરનું ઉદઘાટન કરાયુ

જનાદેશ પ્રતિનિધિ, વલસાડ : વાપીના કચ્છી જૈન સમાજ દ્વારા જીઆઇડીસીમાં સ્થિત રોફેલ કોલેજના મેદાન પર તા.૩, ૪ અને ૫ જાન્યુ. સુધી યોજાનાર ટ્રેડ ફેરનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ટ્રેડ ફેરમાં વલસાડ-વાપી, મુંબઇ, સુરત, સુરેન્દ્રનગર, રાજકોટ અને કચ્છના કુલ ૧૪૨ સ્ટોલધારકો ઉત્સાહભેર ભાગ લઇ રહ્યા છે. જેમાં ગૃહ ઉદ્યોગ ચલાવનાર સૌથી વધુ મહિલા વિક્રેતાઓ છે, તેઓને આ પ્લેટફોર્મ દ્વારા પોતાની પ્રોડક્ટના વ્યાજબી દરે વેચાણ માટે માર્કેટ મળી રહેશે.

ટ્રેડ ફેરના ઉદઘાટન સમારોહ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું કે, આઝાદીની લડતમાં કચ્છી સમાજનું બહુમૂલ્ય યોગદાન છે. સમાજના આ વિરલાઓને આજે યાદ કરવા જરૂરી છે. પહેલા એવુ કહેવાતું હતું કે, કોઇ અધિકારી - કર્મચારી બરાબર કામ ન કરે તો તેની કચ્છમાં બદલી કરી દેવાતી પરંતુ આજે કચ્છ એવુ ડેસ્ટિનેશન બન્યું છે કે, ત્યાં જવુ આજે લોકોને ગમે છે. જેનો શ્રેય આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. વર્ષ ૨૦૦૧ના ભયાનક ભૂંકપ પછી કચ્છના નવનિર્માણ માટે મોદીજીએ ભગીરથ પ્રયાસ કરી અનેકવિધ આયોજન કર્યા હતા. ખાસ કરીને કચ્છની સંસ્કૃતિ, કુટિર ઉદ્યોગ અને કલાનું સંવર્ધન કર્યુ છે. આજે કચ્છ ખેતીવાડી અને ઊર્જા ક્ષેત્રે પણ નંબર વન બનવા જઇ રહ્યુ છે. કચ્છમાં નર્મદાનું પાણી પહોંચતા ખેતીની આવક ઉભી થઇ છે. મહેનતુ કચ્છી સમાજ અભિનંદનને પાત્ર છે. વાપીમાં હોસ્પિટલ, સ્કૂલ- કોલેજના વિકાસ માટે પણ આ સમાજ અગ્રેસર છે. આ સમાજ વાપીની ધરતી પર સમરસ સમાજ બનાવી રહ્યો છે. અહીં આયોજિત ટ્રેડ ફેરમાં અનેકવિધ ઉત્પાદનો દ્વારા વેપારીઓ અને ગ્રાહકોને સુંદર બજાર મળી ર